# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WENESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે જૂનાગઢમાં 215 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.**
2. **રાજ્યમાં લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ માટે પહેલી ફેબ્રુઆરીથી નોંધણી શરૂ થશે.**
3. **આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા શંકાસ્પદ શખ્સના 12 દિવસના રિમાન્ડ મંજુર.**
4. **અમદાવાદના હાંસોલ ખાતે 4 હજાર વૃક્ષો કાપવા સામે , NGTને વન નિષ્ણાતોની સમિતિ રચવા સર્વોચ્ચ અદાલતનો નિર્દેશ.**
5. **રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં "શાળા સલામતી સપ્તાહ"ની ઉજવણીનો શુભારંભ.**
6. **ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે ચોથો T-20 મુકાબલો.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CM JUNAGADH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે જૂનાગઢમાં 215 કરોડ રૂપિયાથી વધુના 26 વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. મુખ્યમંત્રી નરસિંહ મહેતા સરોવરના શહીદ સ્મારક ખાતે તકતી અનાવરણ કરશે. આ સાથે મહાનગરપાલિકાના અગ્નિ સલામતીના વાહનોને લીલીઝંડી આપશે.

આ ઉપરાંત શ્રી પટેલ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના મુખ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ બાદ મુખ્યમંત્રી સાસણ જશે.

---

# TEKA NA BHAV

રવિ સિઝન 2026-27 અંતર્ગત રાજ્યમાં 4 માર્ચથી લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરાશે. ત્યારે લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંનું વેચાણ કરવા ઇચ્છુક ખેડૂતોએ ગ્રામીણ કક્ષાએ ગ્રામ્ય કમ્પ્યુટર સાહસિક -VCE મારફતે પહેલી ફેબ્રુઆરીથી પહેલી માર્ચ સુધીમાં ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે. આ નોંધણી ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન થકી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા રવિ માર્કેટિંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ઘઉંનો લઘુત્તમ ટેકાનો ભાવ બે હજાર 585 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યો છે. નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર 8511171718 તથા 8511171719 ઉપર સંપર્ક કરવાનો રહેશે.

---

# TERRORIST REMAND

ગુજરાત આતંકવાદ વિરોધી દળ- **ATS**એ નવસારીમાંથી ઝડપેલા આતંકી સંગઠન સાથે સંકળાયેલા શંકાસ્પદ શખ્સના 12 દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. ફૈઝાન શેખ નામના આ યુવકની **25** જાન્યુઆરીએ થયેલી ધરપકડ બાદ તેને અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો.

ફૈઝાન શેખ હાલમાં નવસારીના ચારપુલ વિસ્તારમાં રહે છે અને મૂળ ઉત્તર પ્રદેશના રામપુર જિલ્લાના ડુંડાવાલા, નરપત નગરનો વતની છે.

---

# AMC BUDGET

અમદાવાદ મહાનગરપાલિકા સ્કૂલ બોર્ડનું વર્ષ **2026- 27** માટે એક હજાર **200** કરોડ રૂપિયાનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયું છે. જેમાંથી **156** કરોડ રૂપિયા વિદ્યાર્થીઓ અને શાળાઓ પાછળ વપરાશે, જ્યારે રમતગમતના કોચિંગ પાછળ **10** કરોડ ખર્ચ કરાશે.

નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી એલ.ડી.દેસાઈએ જણાવ્યું કે, નવી **34** શાળાઓ બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ખેલ મહાકુંભ અને સંગીત માટે જાપાનની સંસ્થા સાથે સમજૂતી કરાર-**MOU** પણ કરાશે.

## બાઇટ : એલ.ડી.દેસાઈ, શાસનાધિકારી

---

# SC - NGT PANEL

અમદાવાદના હાંસોલ ખાતે હેલિપેડ અને રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે 4 હજાર વૃક્ષો કાપવા સામે , સર્વોચ્ચ અદાલતે પુણે ખાતે રાષ્ટ્રીય હરિત વહીવટી પંચ-**NGT** ખંડપીઠને વળતરરૂપ વનીકરણ માટે યોગ્ય જમીન ઓળખવા માટે વન નિષ્ણાતોની એક સમિતિની રચના કરવાનો નિર્દેશ આપ્યો છે.

જોકે, સ્થાનિક રહેવાસી અપીલકર્તા ફિરદોસ કંબટ્ટાની અરજી પર મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ આર મહાદેવન અને જોયમલ્યા બાગચીની ખંડપીઠે પ્રોજેક્ટ પર સ્ટે મૂકવાનો ઇનકાર કર્યો હતો.

રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટના બીજા તબક્કાના અમલીકરણને કારણે અમદાવાદમાં હરિત આવરણને નુકસાનનો આરોપ લગાવતી અરજીની **NGT**એ સ્વતઃ નોંધ લીધી હતી.

---

# SCHOOL SAFETY WEEK

રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં ચાલુ વર્ષ-2026ના "શાળા સલામતી સપ્તાહ "ની ઉજવણીનો શુભારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે **BISAG** ની વંદે ગુજરાત ચેનલ મારફતે આ સપ્તાહનો શુભારંભ કરાવ્યો.

આ પ્રસંગે મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડાએ વિડીયો સંદેશથી આપત્તિ વ્યવસ્થાપન વિષયક માર્ગદર્શન આપ્યું. આ સપ્તાહ અંતર્ગત સંભવિત જોખમોના ચાર્ટ , પોસ્ટર, ઓડિયો-વિડીયોના માધ્યમથી સમજ

આપવી, પુર, આગ, અકસ્માત, ભુકંપ જેવી હોનારતોની સમજ , નિબંધ, ચિત્ર, વકતૃત્વ સ્પર્ધા, નિદર્શન તેમજ મોકડ્રીલ યોજાશે.

---

## AHMEDABAD BANK STRIKE

પડતર માગણીઓને લઈને ગઇકાલે સમગ્ર દેશના બેંક કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા.

સમગ્ર દેશમાં અંદાજે ૪ લાખથી વધુ કર્મચારીઓ આ હડતાળમાં જોડાયા . જેના કારણે બેંકિંગ સેવાઓને અસર થઈ. ત્યારે અમદાવાદમાં પણ ઇન્દુલાલ યાજ્ઞિક ગાર્ડનથી વલ્લભ સદન સુધી રેલી યોજી બેંકના કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો હતો.

આ અંગે યુનાઈટેડ ફોરમ કન્વીનર મિતેશ પરમારે વધુ માહિતી આપી.

### બાઇટ : મિતેશ પરમાર, કન્વીનર

---

## ACCIDENT - MAHISAGAR

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકામાં બારોડા ગામ નજીક એક અકસ્માતમાં બે યુવકના મોત થયા છે. સુજલામ સુફલામ કેનાલ નજીક બે બાઈક અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. બંને યુવકોને વીરપુર જનરલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા.

---

# PORBANDAR BLUE ECONOMY

પોરબંદર વાદળી અર્થતંત્રનું કેન્દ્રબિંદુ બની રહ્યું છે. શહેરમાં મત્સ્ય નિકાસ ક્ષેત્રે અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં વાર્ષિક આશરે 88 હજાર મેટ્રિક ટન જેટલું મત્સ્ય ઉત્પાદન થાય છે. અહીં મુખ્યત્વે રીબન ફિશ , ટ્યુના, મેકરલ, રાની ફિશ, પાપલેટ અને સિલ્વર ફિશ જેવી વિવિધ માછલીઓની નિકાસ કરવામાં આવતી હોવાનું મત્સ્ય નિકાસ મંડળના કારોબારી સભ્ય સુમિત સલેટે જણાવ્યું.

## બાઈટ - સુમિત સલેટ, કારોબારી સભ્ય

---

# CRICKET T-20

ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે વિશાખાપટ્ટનમમાં ચોથી T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમાશે. ભારતે પાંચ મેચની શ્રેણીમાં 3-0થી અજેય સરસાઈ મેળવી લીધી છે.

ઉલ્લેખનીય છે કે, ગુવાહાટીમાં રમાયેલી ત્રીજી ટી-20 મેચમાં ભારતે ન્યુઝીલેન્ડને આઠ વિકેટે હરાવ્યું હતું.

---

# HANDBALL - GIR SOMNATH

ગીર સોમનાથમાં સદભાવના મેદાન ખાતે અંડર-૧૯ ભાઈઓની " **69** રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધા"નો પ્રારંભ થયો છે. સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા ( **SGFI)** અને રાજ્ય સરકાર દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરાયું છે. જેમાં વિવિધ રાજ્યોની **32** ટીમોએ ભાગ લીધો છે.

પહેલા દિવસે ગુજરાત અને ડી.એ.વી કોલેજ મેનેજિંગ વચ્ચે મેચમાં ગુજરાતે **40-07**થી જીત મેળવી હતી. હવે ગુજરાત તમિલનાડુ અને પંજાબ સામે લીગ મેચ રમશે. પંજાબ અને ઉત્તરાખંડ વચ્ચેની મેચથી લીગ મેચની શરૂઆત થઈ હતી. ત્રણ દિવસ ગૃપ વચ્ચે લીગ મેચ ચાલશે અને ત્યારબાદ નોકઆઉટ મેચ રમાશે.

---

# WEATHER

આગામી દિવસોમાં રાજ્યના લોકોને ઠંડીથી આંશિક રાહત મળવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ દિવસ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. ત્યારે અમદાવાદ , ગાંધીનગરમાં લઘુતમ તાપમાન 15 થી 16 ડિગ્રી રહેવાની આગાહી છે.

સાયકલોનીક સર્ક્યુલેશનથી રાજ્યના વાતાવરણમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય.

---